ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૦.૨ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૬ ટકા ● સાંજે ૧૮ ટકા

# યુથ હોસ્ટેલ પાસે સુકા પાંદડામાં આગ





ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરમાં વન વિભાગની આરક્ષિત જગ્યામાં સુકા પાંદડા સળગતા હોવાના રોજના બે થી ત્રણ કોલ ગાંધીનગર ફાયર બિગ્રેડને મળે છે. આજે શહેરના સેકટર-૧૬ યુથ હોસ્ટેલ પાસેની ઝાંડીમાં રહેલા સુંકા પાંદડામાં આગ લાગી હતી. શહેરમાં આ સુકા પાંદડા કોઈ સળગાવે છે કે ગરમીને કારણે આગ લાગે છે તે તપાસનો વિષય છે. પરંતુ પાંદડામાં આગ લાગતા અન્ય વૃક્ષોને પણ મોટા પાયે નુકશાન થાય છે. જયારે આગ ગંભીર સ્વરૂપ ધારણ કરે તો અન્ય માલ મીલકતને પણ નુકશાન પહોંચાડી શકે છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા એક માસથી વન વિભાગની આરક્ષિત રહેલી જગ્યામાં સુકા પાંદડા અને વૃક્ષોમાં આગ લાગવાના બનાવમાં વધારો થવા પામ્યો છે. જાહેરમાં કચરો સળગાવવો તે પણ ગુનો બને છે. ત્યારે શિક્ષિત નગરજનો સુપ્રિમ કોર્ટના આદેશને પણ ઘોળીને પી ગયા હોય તેવું લાગી રહ્યું છે. જયારે સુકા પાંદડામાં અચાનક કેવી રીતે આગ ભભુકી ઉઠે છે તે ખરેખર તપાસનો વિષય બની જવા પામ્યો છે. શહેરમાં માર્ગોની આસપાસ તેમજ સેકટરોના આંતરીક માર્ગ પર આવેલ વનવિભાગની જગ્યામાં રહેલા સુકા પાંદડા સળગવાનો સિલસિલો યથાવત રહેવા પામ્યો છે. છેલ્લા એક માસમાં અનેક સ્થળો પર લાગેલી આગમાં સુકા પાંદડા બળીને ખાખ થઈ ગયા છે. જયારે શહેરમાં આવેલી ઝાડીઓમાં મોટા ભાગે બપોરના સમયે જ લાગે છે તે આશ્ચર્ય પમાડે છે. જયારે છેલ્લા એક માસથી ફાયર બિગ્રેડને રોજના બે થી વધુ કોલ વનવિભાગની જગ્યામાં આગ લાગી હોવાના મળે છે. ફાયર બિગ્રેડના જવાનો તુંરત સ્થળ પર જઈને આગ પર પાણીનો મારો ચલાવીને આગ વધુ પ્રસરે તે પહેલા આગ પર કાબુ મેળવી લે છે. પરંતુ જો આગ વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કરે તો અન્ય માટે પણ મુશ્કેલી સર્જી શકે છે. ત્યારે આ વનવિભાગની જગ્યામાં આગ લાગવાના બનાવ કયારે અટકશે તે જોવું રહ્યું...

# ચિલોડા પ્રાથમિક શાળામાં યોજાયો વાર્ષિકોત્સવ અને શુભેચ્છા સમારોહ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા ગામની સરકારી પ્રાથમિક શાળાના પટાંગણમાં ત્રિવેણી ભવ્ય વાર્ષિકોત્સવ તથા ધોરણ-૮ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા કાર્યક્રમ તથા બાળ રમતોત્સવની વિવિધ મહાનુભાવોની ઉપસ્થિતિમાં રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. સમારંભની શરુઆત શાળાની બાલિકાએ હે પ્રભુ... પ્રાર્થનાથી કરી હતી ત્યારબાદ મનુષ્ય મહાન હૈ... ગૌરવગાન તેમજ સુસ્વાગતમ સ્વાગત ગીતથી મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના સદસ્ય અને કારોબારી અધ્યક્ષ અરવિંદસિંહ સોલંકી,





તાલુકા સદસ્ય ગિરીશભાઈ પટેલ, મંડળીના ચેરમેન જૈમિન પટેલ, શામળભાઈ પટેલ, ડૉ. સરપંચ જયંતિભાઈ પટેલ, નટુભાઈ પટેલ-પત્રકાર, એસ.એમ.સીના અધ્યક્ષ તખતસિંહ ઠાકોર,એસએમસીના સભ્યો ગ્રામ પંચાયતનો સભ્યો વગેરે મહમાનપદે ઉપસ્થિત રહી દીપ પ્રાગટય દ્વારા સમારંભને ખુલ્લો મુકયો હતો.

આ વાર્ષિકોત્સવમાં શાળાના બાળકોએ રોમાંચક અને અદભૂત સાંસ્કૃતિક કૃતિઓ જેવી કે ડાન્સ, દેશભકિત ગીત, અભિનય ગીત, નાટક-સ્વચ્છતા અભિયાન રજુ કરી જનમેદનીને મંત્રમુગ્ધ કરી દીધી હતી. બાળકોને રોકડ ઈનામ-પુરસ્કારથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મહેમાન અરવિંદસિંહ સોલંકી તથા તાલુકા સદસ્ય ગિરીશભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન કરી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. શુભેચ્છા કાર્યક્રમ રૂપે ધો-૮ના વિદ્યાર્થીઓને આર્શીવચન પાઠવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમના સફળ આયોજન માટે શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલ સહિત સમગ્ર શિક્ષક કર્મચારી ગણે ભારે જહેમત ઉઠાવી હતી. શાળાના બાળકોએ ઋણ અદા કરતા શાળાને યાદગીરીરૂપે ભેટ સોગાદો આપી હતી.

## ઈટાદરાના ૯૩ વર્ષિય વિઠ્ઠલદાસ પટેલે દેહદાન કરી સમાજમાં ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરુ પાડયું

ગાંધીનગર, તા.૩૧

ઈટાદરા ગામના વતની અને ભગતના હુલામણા નામથી આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં જાણીતા વિઠ્ઠલદાસ વસ્તારામ પટેલે થોડા સમય અગાઉ પોતાના પરિવાર સાથે બેસીને ચર્ચા વિચારણા કરી હતી.જેમાં પોતાના ચારેય પુત્રો સમક્ષ પોતાના મૃત્યુ બાદ તેઓના શરીરનું દેહદાન કરવાનું તેમજ મરણોત્તર ક્રિયાઓ નહી કરવાની વાત રજુ કરી હતી.



આ વાતને એક વર્ષ જેટલો સમય થવા આવ્યો છે. ત્યારે તાજેતરમાં વિઠ્ઠલદાસ પટેલે આ દુનિયા છોડીને અનંતની વાટ પકડી લીધી છે. તેમના મૃત્યુથી તેમના પરિવારમાં શોકની કાલીમાં પ્રસરી ગઈ છે. તેમના પાછળ તેઓ ચાર પુત્રોના પરિવારને કલ્પાંત કરતા છોડી ગયા છે. ત્યારે પરિવારના સભ્યોએ પણ તેમની ઈચ્છા અનુસાર ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર મેડીકલ કોલેજ ખાતે તબિબિ વિદ્યાર્થીઓના શિક્ષણઅર્થે દેહદાન કરવામાં આવ્યું છે. વિઠ્ઠલદાસ પટેલ તેઓની ૯૩ વર્ષની વયે પણ પોતાની દિનચર્યા જાતે કરતા હતા. તેઓ પોતાના નિર્વ્યસની, સેવાભાવી અને ભકિતભાવ વાળા હોવાથી ગામ લોકોમાં અનોખું સ્થાન ધરાવતા હતા.જયારે તેઓ સમાજમાં ચાલતા કુરિવાજોના પ્રખર વિરોધી હતા. ત્યારે વયોવૃધ્ધ વિઠ્ઠલદાસ પટેલે દેહદાન કરીને સમાજમાં નાગરીકોને દેહદાન કરવા માટે પ્રેરણા પુરી પાડી છે.

# સે-૧૧માં નવી હોટલ બનાવી માલીકોએ એ.સી.ના વેપારીને ચૂનો લગાવ્યો...!

**વેપારીની પાસે ૨૦ એ.સી. ખરીદ કરી ફીટીંગ કરાવ્યા ને હવે દોઢ વર્ષથી ધક્કા ખવડાવ્યા બાદ વગ બતાવીને મારી નાંખવાની ધમકી આપતા હોવાની ફરિયાદ : વેપારીએ રૂ. ૭.૧૦ લાખ લેવા પોલીસ સ્ટેશનમાં અરજી કરી**

ગાંધીનગર, તા.૩૧

શહેરના સેકટર-૧૧ ખાતે 'ધી મીડ-વે ગ્રાન્ડ' હોટલ બનાવી તેના માલિકોએ એ.સી.ના વેપારી સાથે લાખો રૂપિયાની છેતરપીંડી કરી હોવાની ફરિયાદ લઈ વેપારી સે-૭ પોલીસ મથકે પહોંચ્યો હતો. ૨૦ એ.સી. ફીટીંગ કરાવ્યા બાદ માત્ર રૂ. ૪૦ હજાર આપી બાકીના રૂ. ૭.૧૦ લાખ પછી આપવાનો વાયદો કર્યો હતો. દોઢ વર્ષથી ધક્કા ખાતો હોવા છતાં વેપારીને માલિકો રૂપિયા આપતા ન હોવાની અરજી થવા પામી છે. હવે રાજકીય વગ બતાવીને જો ફરી હોલની સીડી ચઢયો છે તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી અપાઈ હોવાનો વેપારીએ અરજીમાં ઉલ્લેખ કર્યો છે. જો કે આ મામલે હજુ સુધી ગુનો નોંધાયો ન હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત મુજબ દિપકમલ ઈલેકટ્રોનીકસના પ્રોપરાઈટર અજયકુમાર ગુપ્તાને વર્ષ ૨૦૧૫, નવેમ્બર-ડિસેમ્બર દરમિયાન 'ધી મીડ વે ગ્રાન્ડ' હોટલના ભાગીદાર-વહીવટકર્તાઓ દ્વારા સે-૧૧ સુમનસીટી ખાતે બોલાવાયા હતા. પોતે હોટલ ચાલુ કરી રહ્યા હોવાથી એસી ફીટીંગ કરાવવાના અને ખરીદવાના હોવાનું કહી ત્રણ માલિકો વિક્રમસિંહ રાજપુરોહીત, દિલીપભાઈ પટેલ અને અનુજ દિલીપભાઈ પટેલે વેપારી સાથે બઠક કરી હતી. રૂ. ૭.૫૦ લાખના ૨૦ એ.સી. હોટલમાં ફીટીંગ કરવાનું નક્કી થયું અને પેમેન્ટ કામ પત્યા બાદ ચુકવી દેવાનું માલિકોએ કહ્યું હતું. એસી નંખાઈ ગયા બાદ ઉઘરાણી કરી તો માલિકોએ ૪૦ હજાર રૂપિયા આપ્યા અને બાકીના રૂ. ૭.૧૦ લાખ માર્ચ મહિનો હોવાથી આવતા મહિને ચુકવી દઈશું તેમ કહ્યું હતું. વ્યાપારીક સંબંધો જળવાઈ રહે અને અન્ય મોટા ઓર્ડર મળે તે આશયથી વેપારી માની ગયા અને ત્યારબાદ તબક્કાવાર અનેક વખત ઉઘરાણી માટે વેપારી ગયા પરંતુ રૂપિયા મળ્યા નહીં. દરમિયાન વિક્રમસિંહ રાજપુરોહીતે જણાવ્યું કે તેમણે હોટલમાંથી ભાગ છુટ્ટો કરી દીધો છે. તમારે અન્ય બે માલિકો પાસે ઉઘરાણી કરવાની રહે છે. ત્યારબાદ માલિકને મળવા વેપારી ગયા તો પોતાની રાજકીય વગ ઊંચી હોવાનું કહીને જે થાય તે કરી લેજે...હવે જો તું હોટલના પગથીયા ચડીશ તો જાનથી મરાવી નાંખીશ તેમ કહી ગાળાગાળી કરીને ધમકી આપી વેપારીને કાઢી મુકયો હતો. વેપારી અજયકુમાર ગુપ્તાએ આ છેતરપીંડી સામે સેકટર-૭ પોલીસ મથકમાં અરજી આપી અરજીની નકલ ડીએસપી ઓફીસ, કમલમ ભાજપ કાર્યાલય, ગૃહમંત્રી અને અખિલ ગુજરાત વેપારી હીત મંડળને પણ પહોંચાડી છે.

# પી.કે.ચૌધરી કોલેજનો ૨૧મો રસોત્સવ ઉજવાયો

**સનદી અધિકારી કે.જી. વણઝારા ઉપસ્થિત રહ્યા : કોલેજની શિક્ષણ-રમતગમત ક્ષેત્રે તેજસ્વી વિદ્યાર્થીનીઓને સન્માનવામાં આવી**







ગાંધીનગર, તા.૩૧

'એક રાજયના મુખ્યમંત્રી કરી ના શકે તેવું કામ હરિભાઈ ચૌધરીએ ચૌધરી શિક્ષણ સંકુલ ઉભું કરીને કર્યું છે.' પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજના ૨૧મા રસોત્સવ પ્રસંગે ઉપસ્થિત સનદી અધિકારી કે.જી. વણઝારાએ ઉપરોકત શબ્દ અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરીના સંદર્ભમાં કહ્યા હતા. આ પ્રસંગે તેમણે જ્ઞાનયજ્ઞને અન્ય તમામ યજ્ઞો કરતા ચડિયાતો ગણાવતા કોલેજની પાંચ દિકરીઓને પાઈલોટની તાલીમ અપાવવાનું વચન આપ્યું હતું.

સેકટર-૭ની પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજનો આજે સે-૧૨ના ડૉ. આંબેડકર હોલ ખાતે ૨૧મો રસોત્સવ ઉજવાયો હતો.આ પ્રસંગે કે.જી.વણઝારા ઉપરાંત કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી, ઉપપ્રમુખ શંકરભાઈ ચૌધરી, કેમ્પસ ડાયરેકટર માધવભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજની અભ્યાસ તથા રમતગમત ક્ષેત્રે તેજસ્વી દિકરીઓને સન્માનવામાં આવી હતી. રસોત્સવમાં કોલેજની વિદ્યાર્થીનીએ ગીત સંગીત, નૃત્ય-નાટક સહિતની વિવિધ રંગારંગ કૃતિઓ રજુ કરી હતી. સમગ્ર કાર્યક્રમને કોલેજના પ્રિન્સિપાલ ઉર્મિલાબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ અધ્યાપકગણ તથા સાંસ્કૃતિક સમિતિએ સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

## આઈ લવ માય ગાંધીનગર



**મૌન સાધુ**
વિદ્યાર્થી

**ગાંધીનગર ગમે**
સુંદરતા, શાંતિ અને સ્વચ્છ વાતાવરણને કારણે ગાંધીનગર શહેર ખૂબ ગમે છે.

**નગરજનો**
સેવાભાવી, સંસ્કૃતિપ્રેમી નગરજનોની સાથે માત્ર પોતાના માટે જીવતા હોય એવા નગરજનો પણ અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
શહેરમાં થતી સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.
સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા, જી ઈ કલબ, જુનિયર સિટિઝન્સ કાઉન્સિલની પ્રવૃત્તિઓથી હું પ્રભાવિત છું.

**નગરને બહેતર બનાવવા**
જાહેર શિસ્ત બાબતે ઘણું કામ કરવાની આવશ્યકતા છે.

**નગર માટે હું કરી શકું**
સેવા અને સાંસ્કૃતિક કાર્યો માટે મારું સઘળું યોગદાન આપવા માટે હું તૈયાર છું.

## વાતવાતમાં

● શહેરના ઘ દોઢ પાસે ડીવાઈડર સાથે બાઈક અથડાતા યુવાન ગંભીર રીતે ઘાયલ થયો હતો. ગંભીર યુવાનને અન્ય નાગરિકો દ્વારા તાત્કાલિક હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

● ગાંધીનગર શહેરમાં ટુ-વ્હીલર ઓછી કિંમતે મળતા હોવાથી નાગરિકોએ ડિલરો સુધી લોબીંગ કર્યુ હતું જો કે વાહનો ન હોવાથી શો રૂમ બપોર પછી બંધ થઈ ગયા હતા.

● પેથાપુર ખાતે કોંગ્રેસની કારોબારી બેઠક યોજાઈ હતી. જેમાં નિવૃત્ત સનદી અધિકારી પ્રદીપ શર્મા ઉપસ્થિત રહ્યા હતા.

## અમીયાપુર પાસે બેફામ જતી કારની ટકકરે યુવાનનું મૃત્યુ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર નજીક અમીયાપુર ગામમાં રહેતો ૨૦ વર્ષીય યુવાન દેવાજી સોમાજી ઠાકોર ગઈ સાંજે ઘરેથી થોડીવારમાં આવું તેમ કહીને નિકળ્યો હતો. ઝુંડાલ ટોલટેક્ષથી તપોવન સર્કલ તરફ જતા માર્ગ પર અમીયાપુર સ્મશાનગૃહની સામે રસ્તો ક્રોસ કરી રહ્યો હતો. ત્યારે દેવાજીને હાઈવે પરથી બેફામ ગતિએ આવતી જીજે ૦૧ આર.એન. ૮૪૭૯ નંબરની કારના ચાલકે જબરદસ્ત ટકકર મારી હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ દેવાજીનું સ્થળ પર જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. આરોપી ડ્રાઈવર કાર મુકીને ફરાર થઈ ગયો હતો. મૃતકના ભાઈની ફરિયાદને આધારે અડાલજ પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## @ગાંધીનગર

● બીએપીએસ સંસ્થા સે-૨૦ હરિમંદિર ખાતે પ્રતિક મહિલાદિનની ઉજવણી બપોરે ૧.૩૦ થી ૪.૩૦ દરમિયાન યોજાશે.

● રાધે રેસીડેન્સી કુડાસણ ખાતે સાંજે ૬ થી ૮ કલાક દરમિયાન સુંદરકાંડના સંગીતમય પાઠ યોજાશે.

● વિપશ્યના ધ્યાન સાધના અંગેનો પરિચય અને આનાયાત ધ્યાનનો કાર્યક્રમ મૂળચંદ પાર્ક સોસાયટી-બી, પેથાપુર ખાતે રાત્રે ૮.૩૦ થી ૧૦ કલાક દરમિયાન રાખવામાં આવેલ છે.

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા વનીષાબેન પટેલ, પ્લોટ નં. ૭૯૪ બી. મેઘધનુષ ફલેટ, પંચશીલ પાર્ક સોસાયટી, સે-૨૧ મહારાષ્ટ્ર ભવનની સામે આનંદનો ગરબો બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● જય બુટાની ભવાની માં આનંદ ગરબા મંડળ દ્વારા પ્લોટ નં. ૯૫૬/૧ સે-૪-ડી કનકબેન રાઓલના નિવાસસ્થાને બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● સે-૨૩ શિવશકિત મંદિર ખાતે બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● ઉનાવા ગોગા મહારાજના મંદિરે રાત્રે ૮.૦૦ કલાકે રાસગરબા યોજાશે.

● શહેરના સે-૫સી કલેહર માતાજી મંદિર ખાતે સવારે ૮.૦૦ કલાકે નિર્વાણ કોટિ મહાયજ્ઞનો પ્રારંભ તેમજ સાંજે ૭.૩૦ કલાકે કસુંબલ ડાયરો યોજાશે.

## ઉવારસદની ઉમિયાનગર સોસાયટી પ્રાથમિક સુવિધાથી વંચિત

ગાંધીનગર, તા.૩૧

ઉવારસદમાં આવેલી ઉમિયાનગર સોસાયટીમાં ઉવારસદ ગામના જ પરિવારો વસવાટ કરે છે. આ સોસાયટી વર્ષોથી બનેલ છે પરંતુ પ્રાથમિક સુવિધાઓ ઉભી કરવામાં આવી નથી. ચૂંટણી વખતે નેતાઓ વચનો આપે છે. પરંતુ પરિણામ શુન્ય આવે છે. પરિણામે લોકોમાં આક્રોશ ઉભો થયો છે.

ઉમિયાનગરમાં ખેડૂત પરિવારો વસવાટ કરી રહ્યા છે. પરંતુ પીવાના પાણીની પાઈપલાઈન રોડ-રસ્તા, સ્ટ્રીટલાઈટ, સ્મશાનગૃહ જેવી સગવડો બનેલ નથી. રસ્તાઓ ઉબડ ખાબડ વાળા હોવાથી વાહનચાલકોને મુશ્કેલી ભોગવવી પડે છે. સ્ટ્રીટલાઈટો ન હોવાથી તસ્કરોને મોકળું મેદાન મળે છે. નેતાઓ હૈયાધારણ આપે છે પરંતુ સુવિધાઓ મળતી નથી. ગામતળ લંબાવીને ઉમિયાનગર સોસાયટીના સર્વે નંબર ૭૪૫ને ગામતળમાં સમાવવા અંગે રજુઆતો કરેલ છે. આખા ઉવારસદમાં આરસીસીના રોડ બનાવવામાં આવ્યા છે જયારે ઉમિયાનગર સોસાયટીમાં હજુ સુધી રોડનું કામ ચાલુ કરાયું નથી. પરસોત્તમદાસ પટેલ, કનુભાઈ પટેલ અને અશોકભાઈ મણીભાઈ પટેલે આ અંગે ઉગ્ર આક્રોશ વ્યકત કરેલ છે.

## ચિરવિદાય

- સ્વ. નયનભાઈ મફતલાલ શાહ, ઉ.વ. ૭૧
- સ્વ. માનસિંહ વિજયસિંહ મકવાણા, ઉ.વ. ૨૪
- સ્વ. સુમતીલાલ નરોત્તમદાસ પરીખ, ઉ.વ. ૮૫
- સ્વ. રાઠોડ લાલસિંહ ભગવાનસિંહ, ઉ.વ. ૫૦
- સ્વ. સુરેન્દ્ર પ્રત્નાકર દીધે, ઉ.વ. ૫૨